# પ્રોસ્ટેટ ગ્રંથિના વિવિધ રોગ અને સારવાર

હેલ્થ ઈઝ વેલ્થ
ડો. હેમાંગ બક્ષી

પ્રોસ્ટેટ અખરોટના કદની ગ્રંથિ છે જે પુરુષોમાં પેડૂના ભાગમાં મૂત્રાશયની નીચે આવેલી હોય છે. પ્રોસ્ટેટ ગ્રંથિમાં થઈને પેશાબની નળી (યુરેથ્રા) પસાર થાય છે. પ્રોસ્ટેટનું કાર્ય વીર્યને પોષકતત્ત્વ આપવાનું હોય છે. પ્રોસ્ટેટનું કદ ૫૦ વર્ષ પછી થતાં હોર્મોનલ ફેરફારના કારણે વધે છે. પ્રોસ્ટેટમાં સામાન્ય રીતે ત્રણ પ્રકારના રોગ જોવા મળે છે.




### પ્રોસ્ટેટિક ઈન્ફેક્શન (પ્રોસ્ટેટાઇટિસ)

સામાન્ય રીતે નાની ઉંમરના પુરુષોમાં જોવા મળે છે. આ રોગનું મુખ્ય કારણ જાતીય સંબંધોને કારણે થતું ઈન્ફેક્શન છે. તેનાં લક્ષણોમાં પેશાબમાં બળતરા થવી, તાવ આવવો, પેડૂમાં દુખાવો થવો તથા પેશાબ વારંવાર જવું પડે વગેરે હોય છે. યુરોલૉજિસ્ટ દ્વારા શારીરિક તપાસ, યુરિનની તપાસ અને સોનોગ્રાફી દ્વારા નિદાન કરવામાં આવે છે. આ રોગની સારવાર લાંબા સમય સુધી એન્ટિ બાયોટિક તથા સોજો ઉતારવાની દવાઓ દ્વારા કરવામાં આવે છે.

### બિનાઈન પ્રોસ્ટેટિક હાઈપર પ્લેઝિયા (બીપીએસ)

આ રોગ પ્રોસ્ટેટ ગ્રંથિની સાદી ગાંઠ તરીકે ઓળખાય છે. ૫૦ વર્ષ પછી જ્યારે પ્રોસ્ટેટનું કદ વધે છે ત્યારે પેશાબની નળી પર દબાણ આવે છે અને પેશાબમાં તકલીફ શરૂ થાય છે. પેશાબમાં અટકાવ, બળતરા થવી, વારંવાર પેશાબ જવું જેવાં તેનાં લક્ષણો છે. આ રોગનું નિદાન પ્રોસ્ટેટિક ઈન્ફેક્શનના નિદાનની જેમ જ અને PSA નામના બ્લડ ટેસ્ટ દ્વારા કરવામાં આવે છે.

શરૂઆતના તબક્કામાં જ્યારે આ રોગના કારણે થતી તકલીફ ઓછી હોય ત્યારે આ રોગ દવા (સિલોડોસિન, ટેમ્યુલોસિન વગેરે) દ્વારા સારવાર કરવામાં આવે છે. દર ત્રણમાંથી એક પુરુષની ફક્ત દવા દ્વારા કાયમ માટે સારવાર કરી શકાય છે. જ્યારે દર્દીને પેશાબ સાવ બંધ થઈ જાય (યુરિનરી રિટેન્શન) અને નળી ખોલવી પડે અથવા પેશાબમાં વારંઘડીએ ઈન્ફેક્શન થાય કે પેશાબ ભરાઈ રહેવાથી કિડની પર અસર થાય કે મૂત્રાશયમાં પથરી થાય તો સર્જરીનો વિકલ્પ જરૂરી બને છે. પ્રોસ્ટેટની સાદી ગાંઠની સર્જરી ઈન્દ્રિયમાંથી નાનું દૂરબીન પસાર કરીને કરવામાં આવે છે. ગાંઠના ટુકડા કરીને બહાર કાઢવાની આ સર્જરી લેઝર અથવા ઈલેક્ટ્રોકોટરી દ્વારા કરી શકાય છે. જેમાં કોઈ પ્રકારનો ચીરો કરવાની જરૂર રહેતી નથી.

> **પ્રોસ્ટેટનું કેન્સર સામાન્ય રીતે શરીરનાં બીજાં કેન્સરની સરખામણીમાં ધીમું થતું કેન્સર છે, પરંતુ તેને ગંભીર કેન્સર છે, પરંતુ તેને ગંભીર પ્રકારનું અને જીવલેણ હોય છે**

### પ્રોસ્ટેટ કેન્સર

પ્રોસ્ટેટનું કેન્સર સામાન્ય રીતે ૫૦ વર્ષની ઉંમર પછી જોવા મળે છે અને શરૂઆતના તબક્કામાં તેનાં ચિહ્નો પ્રોસ્ટેટની સાદી ગાંઠ જેવાં જ હોય છે. આ રોગના નિદાનમાં શારીરિક તપાસ અને સોનોગ્રાફી ઉપરાંત PSAનો રિપોર્ટ (૪થી વધુ) તથા બાયોપ્સી દ્વારા કરવામાં આવે છે.

રોગનું નિદાન કર્યા પછી કેન્સરનું સ્ટેજ નક્કી કરવા માટે એમઆરઆઈ તથા બોનસ્કેન અથવા PSMA પેટ સ્કેન કરવામાં આવે છે. જો આ કેન્સર પ્રોસ્ટેટ પૂરતું મર્યાદિત હોય તો તેની સારવાર રેડિકલ પ્રોસ્ટેક્ટોમીના ઓપરેશન દ્વારા કરવામાં આવે છે. આ ઓપરેશનમાં આખી પ્રોસ્ટેટ ગ્રંથિ અને તેની આસપાસના ટિશ્યૂ કાઢવામાં આવે છે. આ ઓપરેશન રોબોટિક સર્જરી, ઓપન સર્જરી અથવા લેપ્રોસ્કોપિક સર્જરી દ્વારા કરી શકાય છે. અત્યારે દુનિયાભરમાં આ ઓપરેશન રોબોટિક સર્જરી દ્વારા થાય છે.

પ્રોસ્ટેટનું કેન્સર સામાન્ય રીતે શરીરનાં બીજાં કેન્સરની સરખામણીમાં ધીમું થતું કેન્સર છે, પરંતુ તેને ગંભીર પ્રકારનું અને કેટલાક કિસ્સામાં જીવલેણ પણ કહી શકાય. આ કેન્સર થવાનાં કોઈ ચોક્કસ કારણ નથી કે તેને થતું અટકાવી શકાય તેમ નથી ઓપરેશનના વિકલ્પ તરીકે રેડિયોથેરાપી પણ આપી શકાય આ રોગનું સમયસર નિદાન અને સારવાર થાય તો આ કેન્સ જીવલેણ બનતા અટકે છે અને મટી શકે છે.